# Tazza Job Current Affairs

**GPSC, GSSSB, GPSSB, CCE, PSI, કોન્સ્ટેબલ, Dy.S.O., SSC, RRB, IBPS, રેલવે વગેરે સ્પર્ધાત્મક પરીક્ષામો માટે ઉપયોગી**

## December-2024

## Join For More Information

- ❖ દરેક મહિનાનું વન લાઈનર IMP કરંટ અફેર્યસ
- ❖ સૌથી પહેલા અને સચોટ સરકારી ભરતીના લેટેસ્ટ ન્યૂઝ
- ❖ બધી જ પરીક્ષાઓના અગાઉના વર્ષના જુના પેપર
- ❖ બધી જ પરીક્ષાઓના અભ્યાસક્રમ
- ❖ દરેક ગુજરાતી સમાચાર પત્રો
- ❖ ગુજરાત પાક્ષિક

- મધ્યપ્રદેશનું રતાપાની વન્યજીવ અભ્યારણ્ય ભારતનું 57મું ટાઈગર રિઝર્વ બન્યું.
- અમરેલીની ધારી બનશે ગુજરાતની 160મી નગરપાલિકા.
- ઓક્સફોર્ડ વર્ડ ઓફધ યર 2024 : Brain rot
- શ્રી સંજ્ય મલ્હોત્રા RBIના 26માં ગવર્નર બન્યા.
- 17th સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2024-25માં મુંબઈ ચેમ્પિયન.
- ભારતનું પ્રથમ સરહદી સોલાર વિલેજ :- બનાસકાંઠાના સુઈગામ તાલુકાનું મસાલી ગામ.
- રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના નવા અધ્યક્ષ : શ્રી વી. રામસુબ્રમણ્યન
- મલેશિયામાં યોજાયેલ પ્રથમ અંડર-19 વિમેન્સ T-20 એશિયા કપ 2024માં ભારત ચેમ્પિયન.

## For More Details Visit Our Portal

## WWW.TAZZAJOB.COM

# ડિસેમ્બર-૨૦૨૪

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 19 થી 24 ડિસેમ્બર, 2024 દરમ્યાન 'પ્રશાસન ગાંવ કી ઓર અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું.
  - ➢ આ અભિયાનનો ઉદ્દેશ્ય જાહેર ફરિયાદોનો સામનો કરવાનો અને જાહેર સેવા વિતરણને સુવ્યવસ્થિત કરવાનો છે.
- ચક્રવાત ફેંગલ:- પુડુચેરીમાં લેન્ડ ફોલ થયું.
  - ➢ ચક્રવાત ફેંગલને કારણે પુડુચેરી અને તમિલનાડુમાં ભારે અસર થઈ.
  - ➢ ચક્રવાત ફેંગલનું નામ સાઉદી અરેબિયા દ્વારા આપવામાં આવેલ છે.
- ભારતીય નૌકાદળે બંગાળની ખાડીમાં પરમાણુ સંચાલિત સબમરીન INS અરિઘાત પરથી K-4 બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.
  - ➢ K-4 મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
  - ➢ રેન્જ:- 3,500 K.M
- ભારતીય સેનાએ 'એકલવ્ય' ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ શરૂ કર્યું.
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મધ્યપ્રદેશના ખાંડવામાં ભારતના સૌથી મોટા ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટનું ઉદ્દઘાટન કર્યું.
- તાજેતરમાં હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી ઓમપ્રકાશ ચૌટાલાનું નિધન થયું.
- વૃદ્ધત્વને ધીમું કરવા માટે પરમાણુઓ શોધવા માટે IIT દિલ્હી દ્વારા AI સંચાલિત પ્લેટફોર્મ 'AgeXtend' વિકસાવવામાં આવ્યું.
- તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકારે પ્રયાગરાજમાં 'મહાકુંભ મેળા' નામનો જિલ્લો બનાવવાની જાહેરાત કરી.
- તાજેતરમાં કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રીએ આંતરદેશીય જળમાર્ગો અને માલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે 'જલવાહક' યોજના શરૂ કરી છે.
  - ➢ તે રાષ્ટ્રીય જળમાર્ગો 1 (ગંગા), 2 (બ્રહ્મપુત્ર) અને 16 (બરાક) પર લાંબા અંતરની નૂર (માળ) ચળવળને પ્રોત્સાહન આપે છે.
- ઉતરાખંડમાં વિશ્વ આયુર્વેદ કોંગ્રેસ અને આરોગ્ય એકસ્પો 2024નું આયોજન થશે.
- તાજેતરમાં Uberએ એશિયાની પ્રથમ જળ પરિવહન સેવા 'ઉબેર શિકારા' જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં દાલ સરોવરમાં શરૂ કરી છે.
- ICMR દ્વારા ચેન્નાઈમાં દેશની પ્રથમ ડાયાબિટીશ બાયોબેન્કનો પ્રારંભ.
- તાજેતરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે ભારતનું પ્રથમ એન્ટિ પેસ્ટીસાઈડ બોડીસુટ 'કિસાન કવચ'નું અનાવરણ કર્યું છે.

- ભારતીય નૌકાદળના ચાર અદ્યતન સર્વે વેસલ જહાજોમાંથી બીજા 'INS નિર્દેશક'ને વિશાખાપટ્ટનમ નેવલ ડોક્યાર્ડ ખાતે ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું.
  - આ જહાજને ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ,(GBSE) કોલકાતા દ્વારા બનાવવામાં આવ્યું છે.
- પ્રસિદ્ધ તબલાવાદક ઉસ્તાદ શ્રી ઝાકીર હુસૈનનું 73 વર્ષની ઉંમરે નિધન.
  - તેમનો જન્મ મહારાષ્ટ્રનાં મુંબઈમાં થયો હતો.
  - તેમનું પૂરું નામ ઝાકિર અલ્લારખા કુરેશી છે.
  - તેમને વર્ષ 2002માં પદ્મભૂષણ અને 2023માં પદ્મવિભૂષણ એનાયત થયેલ છે.
- ઈગલનેસ્ટ બર્ડ ફેસ્ટિવલ:- અરૂણાચલ પ્રદેશ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વર્ષે 2024 દરમિયાન નીચેના દેશોની મુલાકાત લિધી.
  - કુવૈત, નાઈજેરિયા, ગુયાના, બ્રાઝિલ, રશિયા, લાઓસ, અમેરિકા, બ્રુનોઈ, સિંગાપોર, યુક્રેન, પોલેન્ડ, ઓસ્ટ્રિયા, ઈટલી, ભુતાન, UAE, કતાર
- ભારતે વિશ્વની પ્રથમ ગ્રીન સ્ટીલ ટેક્સોનોમી (વર્ગીકરણ) શરૂ કરી.
- વર્લ્ડ મેરીટાઈમ ટેક્નોલોજી કોન્ફરન્સ 2024નું ભારતના ચેન્નાઈ ખાતે આયોજન કરવામાં આવ્યું.
- તાજેતરમાં Google દ્વારા હવામાનની આગાહી માટે 'GenCast'નામનું AI મોડલ લોન્ચ કરવામાં આવ્યું.
- ગોરખપુરમાં ભારતનું પ્રથમ ઈન્ટિગ્રેટેડ વેસ્ટ મેનેજમેન્ટ સિટી કમ લર્નિંગ સેન્ટર શરૂ થસે.
- નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા મધ્યપ્રદેશના '<u>રતાપાની વન્યજીવ અભયારણ્યને'</u> ટાઈગર રિઝર્વ તરીકે મંજૂરી આપવામાં આવી છે.
  - આ સાથે જ રતાપાની ટાઈગર રિઝર્વ મધ્યપ્રદેશનું આઠમું અને ભારતનું 57મું ટાઈગર રિઝર્વ બન્યું.
- શ્રી દેવેન્દ્ર ફડણવીસે ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શપથ લીધા.
  - તાજેતરમાં મહારાષ્ટ્રમાં 288 વિધાનસભા બેઠકો પર ચૂંટણીનું આયોજન થયું હતું.
  - આ ચુંટણીમાં મહાયૂતી ગઠબંધનનો બહુમતી સાથે વિજય થયો હતો.
  - શિવસેનાના નેતા શ્રી એકનાંથ શિંદે અને NCPના નેતા શ્રી અજિત પવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લિધા.
- શ્રી હેમંત સોરેને ઝારખંડના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
  - શ્રી હેમંત સોરેનની પાર્ટીનું નામ 'ઝારખંડ મુક્તિ મોર્ચા' છે.
  - ઝારખંડમાં વિધાનસભાની કુલ 81 બેઠકો છે.
- તાજેતરમાં ઓમાનનાં મસ્કત ખાતે યોજાયેલ <u>'મેન્સ હોકી જુનિયર એશિયા કપ-2024'</u>માં પાકિસ્તાનને 5-3થી હરાવીને ભારત પાંચમી વખત ચેમ્પિયન બન્યું.

- તાજેતરમાં ઓમાનના મસ્કત ખાતે યોજાયેલ 'મહિલા હોકી જુનિયર એશિયા કપ-2024'માં ચીનને હરાવીને ભારત બીજી વખત ચેમ્પિયન બન્યું.
- ભારતીય મૂળના શ્રી કાશ પટેલ (કશ્યપ પટેલ)ની અમેરિકન ગુપ્તચર એજન્સી FBIના ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી.
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કુવૈતની મુલાકત દરમિયાન કુવૈતનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન ઓર્ડર ઓફ મુબરક અલ કબીરથી નવાજમાં આવ્યાં.
- વર્ષ 2024માં શ્રી નરેન્દ્રભાઈ મોદીને એનાયત થયેલ આંતરરાષ્ટ્રીય એવોર્ડ:-

| એવોર્ડનું નામ | દેશનું નામ |
|---|---|
| ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો | ભૂતાન |
| ઓર્ડર ઓફ એક્સેલન્સ ઓફ ગુયાના | ગુયાના |
| ઓર્ડર ઓફ ફ્રિડમ ઓફ બાર્બાડોઝ | બાર્બાડોઝ |
| ઓર્ડર ઓફ મુબારક અલ કબીર | કુવૈત |
| ગ્રાંડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ નાઈઝર | નાઈજીરિયા |
| ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર | ડોમિનિકા |

- ISROએ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે PSLV-C59 રોકેટ દ્વારા યુરોપિયન સ્પેસ એજન્સીના **પ્રોબા-3** મિશનને સફળતાપૂર્વક લોન્ચ કર્યું.
  - પ્રોબા-3માં Probaનું ફુલ ફોર્મ 'Project for onboard autonomy' છે.
  - આ મિશનનો ઉદ્દેશ્ય અવકાશમાં ઉડતી ઉચ્ચ-ચોકસાઈવાળી રચનાનું નિદર્શન કરવા તથા સૂર્યના કોરોના અને અવકાશ હવામાન પર તેના પ્રભાવનો અભ્યાસ કરવાનો છે.
  - આ ઉપરાંત આ મિશનનો ઉદ્દેશ્ય બે સ્વતંત્ર ઉપગ્રહોનું ચોક્કસ સંકલન કરીને કૃત્રિમ ગ્રહણ બનાવવાનો છે.
- ભારત 2025-26ની મુદ્દત માટે યુ.એન.પીસ બિલ્ડિંગ કમિશન માટે ફરીથી ચૂંટાયું.
- ઓક્સફોર્ડ વર્ડ ઓફધ યર 2024 : Brain rot (મગજનો સડો).
- સહકાર માટે સંયુક્ત આયોગની સ્થાપના માટે ભારતે કુવૈત દેશ સાથે MOU પર હસ્તાક્ષર કર્યા.
- U.K દ્વારા વિશ્વની પ્રથમ કાર્બન-14 ડાયમંડ બેટરી વિકસાવવમાં આવી.
- હરિયાણામાં આંતરરાષ્ટ્રીય ગીત મહોત્સવ 2024નું આયોજન કરવામાં આવશે.
- તાજેતરમાં યોજાયેલ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2024-25માં મુંબઈ ચેમ્પિયન બન્યું.
  - આ ક્રિકેટ ટુર્નામેન્ટ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની 17મી આવૃત્તિ હતી.

- ➢ ફાઈનલ મેચ એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમ, બેંગ્લુરુમાં મુંબઈ અને મધ્યપ્રદેશ વચ્ચે યોજાઈ હતી.

- FCCAIએ ‘પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર’ને સૌથી વધુ જોખમી ખોરાકની શ્રેણી તરીકે સુચિબધ્ધ કર્યું છે.
- શ્રી એલોન મસ્ક 400 અજબ ડોલરની સંપત્તિ ધરાવનાર વિશ્વના પ્રથમ વ્યિકત બન્યાં.
- Open AI દ્વારા ‘Sora’ નામનું અદ્યતન ટૂલ વિકસાવવામાં આવ્યું છે, જે લેખિત આદેશોને વીડિયોમાં રૂપાંતરિત કરે છે.
- ભારત અને રશિયા વચ્ચે ‘વોરોનેઝ રડાર’ માટે સંરક્ષણ કરાર થયા.
  - ➢ આ કરાર અંતર્ગત કર્ણાટકના ચિત્રદુર્ગમાં વોરોનેઝ બેલેસ્ટિક મિસાઈલ ચેતવણી રડાર સ્થાપિત કરવામાં આવશે.
  - ➢ આ રડાર ‘Almaz-Antey’ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
  - ➢ વોરોનેઝ રડાર સિસ્ટમ બેલેસ્ટિક મિસાઈલ પ્રક્ષેપણ, સ્ટીલ્થ એરક્રાફ્ટ અને અવકાશી વસ્તુઓ શોધી કાઢે છે.
- તાજેતરમાં સંયુક્ત આરબ અમિરાત (UAE)માં યોજાયેલા 11th U-19 એશિયા કપ 2024માં બાંગ્લાદેશ ચેમ્પિયન બન્યું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગાલેન્ડના લોકોને હોર્નબિલ ફેસ્ટિવલના 25 વર્ષ પૂર્ણ થવા પર અભિનંદન પાઠવ્યા હતા.
  - ➢ હોર્નબિલ ફેસ્ટિવલ નાગાલેન્ડનો વાર્ષિક તહેવાર છે.
  - ➢ હોર્નબિલ ફેસ્ટિવલનું સૌપ્રથમ આયોજન વર્ષ 2000માં કરવામાં આવ્યું હતું.
  - ➢ હોર્નબિલ ફેસ્ટિવલને ‘તહેવારોનો તહેવાર’તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તાજેતરમાં ભારતને નાર્કોટિક ડ્રગ્સ પર યુએન કમિશનના 68માં સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યો છે.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્હીમાં ભારતીય સાંકેતિક ભાષા માટે PM-eVIDYA DTH ચેનલ નંબર 31 લોન્ચ કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય સાંભળવાની ક્ષતી ધરાવતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહન આપવાનો છે.
- ભારતના ભૂતપુર્વ વિદેશમંત્રી (2009-12) અને કર્ણાટકના ભૂતપુર્વ મુખ્યમંત્રી શ્રી એસ.એમ.કૃષ્ણાનું નિધન થયું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હરિયાણાના પાણીપતમાં ‘બીમા સખી યોજના’ શરૂ કરી.
  - ➢ આ યોજના નાણાકીય સાક્ષરતા અને વીમા જાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
  - ➢ આ યોજના માટે પાત્ર મહિલાઓએ ધોરણ 10 પૂર્ણ કર્યું હોવું જોઈએ.

- ➢ મહિલા એજન્ટોને પ્રથમ વર્ષે માટે દર મહિને રૂ. 7000, બીજા વર્ષે માટે દર મહિને રૂ. 6000 અને ત્રીજા વર્ષેમાં દર મહિને રૂ.5000 સ્ટાઈપેન્ડ મળશે. આમ પ્રથમ ત્રણ વર્ષે માટે સ્ટાઈપેન્ડ મળશે.
- ➢ ત્રણ વર્ષના ગાળામાં બે લાખ વીમા સખીની નિમણૂક કરવાની યોજના છે.

- તાજેતરમાં 18 વર્ષીય ભારતીય ગ્રાન્ડમાસ્ટર શ્રી ડી ગુકેશ સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન બન્યા.
  - ➢ તાજેતરમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપનું આયોજન સિંગાપોરમાં થયું હતું.
  - ➢ શ્રી ડી ગુકેશએ ફાઈનલમાં ચીનના ડિફેન્ડિંગ ચેમ્પિયન ડીંગ લિરેનને હરાવ્યો હતો.
  - ➢ શ્રી ડી ગુકેશનું પૂરું નામ ડોમ્મારાજુ ગુકેશ છે.
  - ➢ શ્રી ડી ગુકેશનો જન્મ તમિલનાડુના ચેન્નાઈમાં થયો હતો.
- કેનેડા, મેક્સિકો અને અમેરિકા સંયુક્ત રીતે ફિફા ફૂટબોલ વર્લ્ડ કપ 2026ની યજમાની કરશે.
- સ્પેન,પોર્ટુગલ અને મોરક્કો સંયુક્ત રીતે ફિફા ફૂટબોલ વર્લ્ડ કપ 2030ની યજમાની કરશે.
- સાઉદ અરેબિયા ફિફા ફૂટબોલ વર્લ્ડ કપ 2034ની યજમાની કરશે.
- તાજેતરમાં સીરિયન બળવાખોર જૂથ હયાત તહરિર અલ શામની આગેવાની હેઠળ સીરિયામાં થયેલ સત્તાપલટાના કારણે સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદના શાસનનો અંત આવ્યો.
  - ➢ બશર અલ-અસદ દેશ છોડી ભાગી ગયા હતા અને રશિયામાં શરણ લિધું હતું.
  - ➢ બળવાખોરોએ મોહમ્મદ અલ બશીરને સીરિયાના વચગાળાના વડાપ્રધાન તરીકે નિયુકત કર્યા.
  - ➢ સીરિયાની રાજધાની દમાસ્કસ છે.
  - ➢ તુર્કી, ઈરાક, જોર્ડન, ઈઝરાયેલ અને લેબનોન સીરિયાના પાડિશી દેશો છે.
- રશિયાએ વિશ્વની પ્રથમ કેન્સરની mRNA વેક્સિન બનાવી.
- નવી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં 'પેરા એથ્લેટિક્સ વર્લ્ડ ચેમ્પિયનશિપ 2025'નું આયોજન થશે.
- ઈસરોના ભૂતપુર્વ અધ્યક્ષ કે.રાધાકૃષ્ણનની આગેવાની હેઠળ સરકાર દ્વારા નિયુક્ત પેનલએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)માં વ્યાપક સુધારાની ભલામણ કરી છે.
- શ્રીલંકાએ ભારતીયોને વિઝા-મુક્ત પ્રવેશની જાહેરાત કરી છે.
- બિહારમાં મહિલા કબડ્ડી વર્લ્ડ કપ 2025નું આયોજન થશે. જેમાં 14 દેશો ભાગ લેશે.
- તાજેતરમાં કાપડ મંત્રાલય દ્વારા ડિસેમ્બર 2024 દરમિયાન નવી દિલ્હીના જનપથ ખાતે 'વિરાસત સાડી ઉત્સવ 2024'નું આયોજન કરવામાં આવ્યું છે.
- BharatGen : ભારતની પ્રથમ મલ્ટિમોડલ AI પહેલ.

- BharatGen એ એક નવીન પ્રોજેક્ટ છે જેનો ઉદ્દેશ્ય ભારતની બહુપક્ષીય ભાષાઓ અને સંસ્કૃતિઓને અનુરૂપ અદ્યતન AI મોડલ વિકસાવવાનો છે.

- ભારતના પ્રસિદ્ધ બોલર શ્રી આર અશ્વિને ગાબા ખાતે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટ મેચ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.
  - શ્રી આર. અશ્વિનનું પૂરું નામ રવિચંદ્રન અશ્વિન છે.
  - શ્રી આર. અશ્વિનનો જન્મ તમિલનાડુના ચેન્નાઈ ખાતે થયો હતો.
  - તેમણે ટેસ્ટ ક્રિકેટમાં 537 વિકેટ ઝડપી છે.
- શ્રીલંકાએ ભારતીયોને વિઝા-મુક્ત પ્રવેશની જાહેરાત કરી.
- ભારતે આસામમાં ગંગા નદીની ડોલ્ફિનનું પ્રથમ સેટેલાઈટ ટેગિંગ હાંસલ કર્યું છે.
- ઉતરાખંડમાં 2025માં 38મી નેશનલ ગેમ્સનું આયોજન થશે.
- તાજેતરમાં મધ્યપ્રદેશમાં 10મોં આંતરરાષ્ટ્રીય વન મેળો યોજાયો.
- તાજેતરમાં થાઈલેન્ડ દ્વારા 24મી BIMSTEC વરિષ્ઠ અધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી.
  - 1997માં 'બેંગકોક ઘોષણાપત્ર દ્વારા બિમસ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
  - બિમસ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.
  - બીમસ્ટેકનું વડુમથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલ છે.
- તાજેતરમાં કેન્દ્રીય વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભુપેન્દ્ર યાદવે ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, દેહરાદૂન ખાતેથી 18મો 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ, 2023' બહાર પાડ્યો હતો.
  - આ રિપોર્ટ 1987થી દ્વિવાર્ષિક ધોરણે ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવે છે.
  - આ રિપોર્ટ અનુસાર ભારતનો કુલ વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના 25.17% છે.
  - આ રિપોર્ટ અનુસાર ભારતમાં વન અને વૃક્ષોના આવરણમાં 1445.81 ચોરસ કિલોમીટરનો વધારો થયો છે.
  - આ રિપોર્ટ અનુસાર ભારતમાં 'વન અને વૃક્ષોના' આવરણમાં મહત્તમ વધારો ધરાવતા રાજ્યોમાં છત્તીસગઢ પ્રથમ ક્રમે છે.
  - આ રિપોર્ટ અનુસાર ગુજરાત રાજ્યના સૌથી વધુ ફોરેસ્ટ કવર ધરાવતો જિલ્લો કચ્છ છે.
- તાજેતરમાં મલેશિયામાં યોજાયેલ પ્રથમ અંડર-19 વિમેન્સ T-20 એશિયા કપ 2024ની ફાઈનલમાં બાંગ્લાદેશને હરાવીને ભારત ચેમ્પિયન.
- બાલ્ડ ઈગલને સત્તાવાર રીતે અમેરિકાના રાષ્ટ્રીય પક્ષી તરીકે જાહેર કરવામાં આવ્યું.
- તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય તહેવારો અંગેની માહિતી લોકો સુધી પહોંચાડવાના ઉદ્દેશય સાથે 'રાષ્ટ્રપર્વ' વેબસાઈટ અને એપ લોન્ચ કરી.

- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતી શ્રીમતી દ્રોપદી મુર્મુએ ભારતના પાંચ રાજ્યોના રાજ્યપાલની નિમણૂક કરી છે.
  - મણિપુર :- શ્રી અજયકુમાર ભલ્લા
  - કેરળ :- શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર
  - મિઝોરમ :- જનરલ ડો.વિજય કુમાર સિંહ
  - ઓડિશા :- ડો. હરિબાબુ કંભમપતિ
  - બિહાર :- શ્રી આરિફ મોહમ્મદ ખાન
- ભારતમાં આર્થિક સુધારાના ઘડવૈયા પૂર્વ વડાપ્રધાન શ્રી ડો. મનમોહન સિંહનું 92 વર્ષની વયે નિધન.
  - નવી દિલ્હીમાં 'નિગમ બોધ ઘાટ' ખાતે ડો.મનમોહન સિંઘના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.
  - તેમનો જન્મ 26 સપ્ટેમ્બર, 1932ના બ્રિટિશ ભારતમાં પંજાબ પ્રાતના ગાહ ખાતે થયો.
  - પિતા:- શ્રી ગુરમુખ સિંહ
  - માતા:- શ્રીમતી અમૃત કૌર
  - તેમના જીવન પર 'ધ એકિસડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' ફિલ્મ બની. જેમાં તેમનું પાત્ર શ્રી અનુપમ ખેરએ ભજવ્યુ હતું.
  - વર્ષ 1972માં ડો. મનમોહન સિંહ નાણાં મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકાર હતા.
  - વર્ષ 1976માં તેઓ નાણાં મંત્રાલયના સચિવ બન્યા.
  - ડો. મનમોહન સિંઘએ RBIના 15માં ગવર્નર તરીકે 1982 થી 1985 દરમિયાન સેવા આપી હતી.
  - ચલણિ નોટો પર હસ્તાક્ષર ધરાવનાર એકમાત્ર વડાપ્રધાન છે.
  - તેમણે પી.વી.નરસિમ્હા રાવની સરકારમાં 1991 થી 1996 સુધી કેન્દ્રીય નાણામંત્રી તરીકે સેવા આપી હતી.
  - ડો.મનમોહન સિંહ ભારતના 13માં વડાપ્રધાન તરીકે બે વખત (2004-2009 અને 2009 થી 2014) સેવા આપી હતી.
  - ડો. મનમોહન સિંહને 1987માં 'પદ્મવિભૂષણ' એનાયત થયો હતો.
- તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે હવાઈ પ્રવાસીઓને સસ્તું ખોરાક અને પીંણા પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે કોલકાતા એરપોર્ટ પર 'ઉડાન યાત્રી કાફે' પહેલ શરૂ કરી છે.
- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 45મી PRAGATI બેઠકની અધ્યક્ષતા કરી હતી, PRAGATIનું પુરૂ નામ શું છે?
  - Pro-Active Governance and Timely Implementation
- ઈન્દોર એરપોર્ટ ભારતનું પ્રથમ ઝીરો-વેસ્ટ એરપોર્ટ બનશે.

- સલમાનખાનની ખો-ખો વર્લ્ડ કપ 2024ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂક કરવામાં આવી.
- નવી દિલ્હીમાં વિશ્વની સૌથી મોટી સાંસ્કૃતિક સંસ્થા 'યુગ યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રાહલય' વિકસાવવા માટે ભારત સરકાર ફ્રાંસનો સહયોગ લેશે.
- ભારતીય મૂળના શ્રી રામ કૃષ્ણનની અમેરીકાના AI નીતિ સલાહકાર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- તાજેતરમાં ચેન્નાઈના 18 વર્ષિય ગુકેશ ડોમ્મારાજુ (ડી.ગુકેશ)એ ચીના ગ્રાન્ડમાસ્ટર ડીંગ લિરેનને હરાવીને સૌથી યુવા FIDE ચેસ ચેમ્પિયન બન્યા.
  - સિંગાપોરમાં FIDE વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ-2024નું આયોજન થયું હતું.
  - ડી.ગુકેશ વિશ્વનાથન આનંદ બાદ વિશ્વ ચેસ ચેમ્પિયન બનનાર બીજા ભારતીય બન્યા.
  - ભારતના વિશ્વનાથન આનંદ ચાર વખત (2007,2008,2010,2012) વર્લ્ડ ચેમ્પિયન બનેલ છે.

## -: ગુજરાત :-

- ઓડિશાના ભૂવનેશ્વરમાં યોજાયેલી 59મી અખિલ ભારતીય પોલીસ મહાનિર્દેશકોની કોન્ફરન્સમાં શ્રી અમીતભાઈ શાહના હસ્તે સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને 'દેશના શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો.
- કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર.પાટીલ અને ગુજરાતના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા સુરતમાં ગુજરાતનો પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્દઘાટન કર્યું.
  - સૂચી સેમિકોન કંપનીએ આ પ્લાન્ટમાં રોકાણ કર્યું છે.
  - આ પ્લાન્ ટમાં પ્રદિદિ ન ત્રણ લાખ સેમિકન્ડક્ટર ચીપ્સનું ઉત્પાદન થશે.
- ભરૂચ ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે 'ધરતી આબા ગ્રામ ઉત્કર્ષ અભિયાન'નો શુભારંભ કરવામાં આવ્યો.
- વર્ષ 2024ના 'જન જાતિય ગૌરવ દિવસ'ની રાજ્યકક્ષાની ડાંગ ખાતે કરવામાં આવી.
- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે અમરેલી જિલ્લાની ધારી ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત કરી. આ સાથે જ ગુજરાતની કુલ નગરપાલિકાઓની સંખ્યા 160 થઈ
- તાજેતરમાં રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનનું આયોજન થયું.
- ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકામાં આવેલા મસાલી ગામે ભારતનું સૌપ્રથમ સૌર ઉર્જાથી ચાલતું સરહદી ગામ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

- તાજેતરમાં નવી દિલ્હી સ્થિત 'ગરવી ગુજરાત ભવનને' GRIHA દ્વારા ગ્રીન બિલ્ડિંગ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.
- તાજેતરમાં નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુના હસ્તે સમગ્ર દેશની 45 અનુકરણીય પંચાયતોને 'રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર, 2024' એનાયત
  - આ એવોર્ડમાં ગુજરાતના પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-2 ગ્રામ પંચાયતને દીનદયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એવોર્ડ થીમ અંતર્ગત 'સુશાસનયુક્ત પંચાયત' શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવ્યું.
- શ્રી જયેન મહેતાને અમૂલ ડેરીના પાંચ વર્ષે માટે મેનેજિંગ ડિરેક્ટર બનાવવામાં આવ્યા છે.
- ગુજરાત ફિજીમાં ડેરી ઉદ્યોગ સ્થાપવા માટે મદદ કરશે.
- વડનગરમાં શ્રી અટલ બિહારી વાજપઈની 100મી જન્મજયંતિ નિમિત્તે 'સુશાસન પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું.
- ગુજરાતમાં તાજેતરમાં સ્થાપવામાં આવેલ GRIT(ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટયૂશન ફોર ટ્રાન્સફોર્મેશન)ના CEO તરીકે સુશ્રી એસ.અપર્ણાની નિયુક્તિ કરવામાં આવી છે.
- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારના સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ થવા નિમિત્તે અમદાવાદમાં ગુજરાતના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાપર્ણ કર્યું હતું.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાંતીવાડાના સરદાર કૃષિનગર ખાતેથી રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ 2024નો પ્રારંભ કરાવ્યો
  - ગુજરાત કૃષિ મહોત્સવની શરૂઆત વર્ષ 2005-06માં કરવામાં આવી હતી.
- ગુજરાતની સાંસ્કૃતિક હસ્તકળા વિરાસત 'ઘરચોળા'ને મળ્યો GI' ટેગ.
  - આ સાથે ગુજરાતને આપવામાં આવેલ GI ટેગની સંખ્યા 27 થઈ ગઈ છે.
  - લગ્નમાં પરણેતરને સાસરિયા પક્ષ તરફથી જે સાડી આપવામાં આવે છે, તેને ઘરચોળુ કહેવામાં આવે છે.

## -: એવોર્ડ/પુરસ્કાર:-

- ચિલિના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ સુશ્રી મિશેલ બેચેલેટને ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર 2024 એનાયત કરવામાં આવશે
  - ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર 2023:- ડેનિયલ બેરેનબોઈમ અને અલી અબુ અવવાદને સંયુક્ત રીતે એનાયત કરવામાં આવ્યો હતો. (ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષના અહિંસક ઉકેલના તેમના પ્રયાસો માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.)

- પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની યાદમાં ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા 1986માં શાંતિ, નિ:શસ્ત્રીકરણ અને વિકાસ માટે ઈન્દિરા ગાંધી એવોર્ડની સ્થાપના કરવામાં આવી હતી.
- આ એવોર્ડ વિજેતાને રૂ.25 લાખ અને પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા તાજેતરમાં ભારતના પ્રતિષ્ઠિત ઈકોલોજિસ્ટ માધવ ગાડગીલને 'યુએન ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ 2024' એવોર્ડ લાઈફટાઈમ અચીવમેન્ટ કેટેગરીમાં એનાયત થયો.
- તાજેતરમાં નવી દિલ્હી ખાતે શ્રીમતી દ્રોપદી મુર્મુના હસ્તે 45 અનુકરણીય પંચાયતોને 'રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર, 2024' એનાયત.
- રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ 17 બાળકોને પ્રધાનમંત્રી બાળ પુરસ્કાર 2024 એનાયત કર્યો.
- તાજેતરમાં બે ભારતીય હેરિટેજ કન્ઝર્વેશન પ્રોજેક્ટ્સ, તમિલનાડુમાં 'અબથસહાયેશ્વર મંદિર સંરક્ષણ પ્રોજેક્ટ' અને મહારાષ્ટ્રમાં 'BJPCI કન્ઝર્વેશન પ્રોજેક્ટ'એ સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે યુનેસ્કો એશિયા પેસિફિક એવોર્ડ 2024 જીત્યો છે.
- તાજેતરમાં 21 ભાષાઓ માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2024 આપવામાં આવ્યા છે.
  - શ્રી દિલીપ ઝવેરીને તેમની કવિતા 'ભગવાનની વાતો' ગુજરાતી ભાષાનો આ એવોર્ડ મળ્યો.
  - શ્રી ગગન ગિલને 'મૈ જબ તક આઈ બહાર' કવિતા માટે હિંદી ભાષાનો આ એવોર્ડ મળ્યો.
  - ગુજરાતી ભાષાનો સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2024 માટે સુશ્રી રિંકુબેન રાઠોડને તેમની કૃતિ "તો તમે રાજી' (ગઝલ) માટે એનાયત થયો.
  - ગુજરાતી ભાષાનો બાળ સાહિત્ય પુરસ્કાર 2024 ગીરા પિનાકિન ભટ્ટને તેમનો વાર્તા સંગ્રહ 'હસતી હવેલી' માટે એનાયત થયો.
- જાણીતા હિન્દી લેખક સૂર્યબાલાને તેમની નવલકથા 'કૌન દેસ કો વાસી : વેણુ કી ડાયરી' માટે 34મું **વ્યાસ સન્માન 2024** એનાયત કરવામાં આવ્યું છે.
  - આ પુરસ્કાર કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા હિન્દી સાહિત્યમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ 1991થી આપવામાં આવે છે.
- કચ્છના સ્મૃતિવન મ્યુઝિયમને UNESCOનું પ્રિક્સ સર્વઈલ્સ એવોર્ડ એનાયત.
  - ઓગસ્ટ, 2022માં વડાપ્રધાનશ્રીએ આ મ્યુઝિયમનું લોકાપર્ણ કર્યું હતું.
  - આ મ્યુઝિયમ 26 જાન્યુઆરી, 2001ના ભૂકંપમાં જીવ ગુમાવનાર નાગરિકોના સ્મરણમાં બનાવવામાં આવ્યું છે.

## -: મહત્ત્વની નિમણૂક:-

- તાજેતરમાં શ્રીલંકન ક્રિકેટ બોર્ડના વર્તમાન પ્રમુખ શ્રી શમ્મી સિલ્વાની એશિયન ક્રિકેટ કાઉન્સિલના નવા પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- શ્રી સંજય મલ્હોત્રા બન્યા RBIના 26માં ગવર્નર.
  - ➢ શ્રી સંજય મલ્હોત્રાનો જન્મ રાજસ્થાનમાં થયો હતો.
  - ➢ કેન્દ્ર સરકાર RBIના ગવર્નરની નિમણૂક કરે છે.
  - ➢ RBIના ગવર્નરનો કાર્યકાળ ત્રણ વર્ષનો હોય છે, પરંતુ જો જરૂરી હોય તો તેને વધુ બે વર્ષ સુધી વધારી શકાય છે.
  - ➢ શ્રી ઓસબોર્ન સ્મિથ (1935-37) RBIના પ્રથમ ગવર્નર હતા.
  - ➢ શ્રી સી.ડી. દેશમુખ (1943-49) RBIના પ્રથમ ભારતીય ગવર્નર હતા.
- શ્રી વી. રામસુબ્રમણ્યન રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)ના નવા અધ્યક્ષ બન્યા.
  - ➢ તેમણે NHRCના અધ્યક્ષ તરીકે જસ્ટિસ અરૂણ કુમાર મિશ્રાનું સ્થાન લીધું.
  - ➢ તેઓ NHRCના નવમાં અધ્યક્ષ બન્યા.
  - ➢ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ સર્વોચ્ચ ન્યાયાલયના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ અથવા સર્વોચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશ હોવા જોઈએ.
  - ➢ NHRCના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ 3 વર્ષ અથવા 70 વર્ષની ઉંમર એ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.

# -: સૈન્ય કવાયત:-

- ‘અગ્નિ વોરિયર કવાયત 2024’ ભારતીય સેના અને સિંગાપોર સશસ્ત્ર દળો વચ્ચેનો સંયુક્ત સૈન્ય અભ્યાસ
  - આ સૈન્ય અભ્યાસનું આયોજન મહારાષ્ટ્રમાં કરવામાં આવ્યું હતું.
- ભારત અને કંબોડિયાની સેના વચ્ચે ‘Ecercise CINBAX’ની પ્રથમ આવૃત્તિનું મહારાષ્ટ્રના પૂણે ખાતે આયોજન કરવામાં આવ્યું.
- ચોથી ભારત-મલેશિયા સંયુક્ત લશ્કરી કવાયત ‘હરિમાઉ શક્તિ - 2024’નું મલેશિયામાં આયોજન કરવામાં આવ્યું.
- તાજેતરમાં ભારત, ફ્રાન્સ અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચે ‘ડેઝર્ટ નાઈટ એક્સરસાઈઝ’ નામની હવાઈ કવાયતનું આયોજન થયું.
- ભારત અને શ્રીલંકાની નૌસેના વચ્ચે વિશાખાપટ્ટનમ ખાતે ‘SLINEX 2024’ નેવલ એક્સરસાઈઝનું આયોજન થયું.

## -:મહત્વના રેન્કિંગ & રિપોર્ટ:-

- તાજેતરમાં અમેરિકા સ્થિત 'પોર્ટુલાન્સ ઈન્સ્ટિટ્યૂટ' દ્વારા બહાર પાડવામાં આવેલ 'નેટવર્ક રેડીનેસ ઈન્ડેક્ષ 2024'માં ભારતે 133 દેશોમાં 49મું સ્થાન મેળવ્યું.
  - ➢ આ ઈન્ડેક્ષમાં અમેરિકા પ્રથમ સ્થાન પર છે.
- તાજેતરમાં લંડન સ્થિત QuaCquarelli Symonds (QS) દ્વારા QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ : સસ્ટેનેબિલિટી 2025 રિપોર્ટ બહાર પાડ્યો છે.
  - ➢ આ રેન્કિંગમાં કેનેડાની યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો 100 સ્કોર સાથે પ્રથમ ક્રમે છે.
  - ➢ આ રેન્કિંગમા વિશ્વની કુલ 1743 યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.
  - ➢ 78 ભારતીય યુનિવર્સિટીઓને 2025ની આ રેન્કિંગમાં સ્થાન આપવામાં આવ્યું છે.
  - ➢ આ રેન્કિંગમાં ભારતની ટોચની ત્રણ સંસ્થાઓ:-

    (1) IIT દિલ્હી :- 171માં સ્થાને (પર્યાવરણીય અસર કેટેગરીમાં 55માં સ્થાને)

    (2) IIT ખડગપુર :- 202માં સ્થાને

    (3) IIT બોમ્બે :- 234માં સ્થાને
  - ➢ આ રેન્કિંગમાં ગુજરાતની IIT ગાંધીનગર એકંદરે 994માં સ્થાને છે, જ્યારે પર્યાવરણીય અસર કેટેગરીમાં 522માં સ્થાને છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા 'વર્લ્ડ મલેરિયા રિપોર્ટ 2024' બહાર પાડવામાં આવ્યો.
  - ➢ વર્લ્ડ મલેરિયા રિપોર્ટ 2024 મુજબ 2023માં વિશ્વભરમાં મેલેરિયાના 263 મિલિયન કેસ અને 597,000 મૃત્યુનો અંદાજ છે.
  - ➢ ભારતમાં 2022 અને 2023 વચ્ચે મલેરિયાના કેસોમાં 9.6%નો ઘટાડો થયો છે.
- તાજેતરમાં પ્રકાશિત થયેલ ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ 2024માં ભારત 39માં સ્થાને છે.

# -: અર્થતંત્ર :-

- ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો સ્માર્ટફોન નિકાસકાર દેશ બન્યો.
- તાજેતરમાં યોજાયેલ RBIની મોનેટરી પોલિસી કમિ  ૦ટીની બેઠકમાં સતત અગિયારમી વખત રેપો રેટ 6.5% પર યથાવત રાખવામાં આવ્યો છે.
  1. રેપોરેટ :- 6.50%
  2. બેંક રેટ :- 6.75%
  3. SDF :- 6.25%
  4. MSF :- 6.75%
  5. CRR :- 4.00%
  6. SLR :- 18.00%
- તાજેતરમાં રાજસ્થાનના જેસલમેરમાં કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સિતારામનની અધ્યક્ષતામાં GST કાઉન્સિલની 55મી બેઠક યોજાઈ હતી.
  - આ બેઠકમાં કાળા મરી, કિસમિસ અને જીન થેરાપીને GSTમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે.
  - જૂના અને વપરાયેલા ઈલેક્ટ્રીક વાહનનાં વેચાણ પર ટેક્સનો દર 12%થી વધારીને 18% કરવાનો નિર્ણય લીધો છે.
  - 2000 રૂપિયાથી ઓછી રકમની પેમેન્ટ હેન્ડલ કરતા પેમેન્ટ એગ્રીગેટર્સ મુક્તિ માટે પાત્ર હશે.
  - વેપારી નિકાસકારોને પુરવઠા પર વળતર ઉપકરનો દર ઘટાડીને 0.1% કર્યો છે.
  - કારામેલાઈઝ્ડ પોપકોર્ન પર 18% GST, મીઠું અને મસાલા સાથે ખાવા માટે તૈયાર પોપકોર્ન જો પ્રી-પેકેજ અને લેબલ કરેલ ન હોય તો 5%GST અને પ્રી-પેકેજ અને લેબલ કરેલ હોય તો 12%GST લાગે છે.
  - કેંદ્ર સરકારના નાણામંત્રી આ GST કાઉન્સિલના અધ્યક્ષ હોય છે.
  - ભારતના દરેક રાજ્યના નાણામંત્રી GST કાઉન્સિલના સભ્ય હોય છે.
  - GST કાઉન્સિલનો કોઈપણ નિર્ણય હાજર અને મતદાન કરનાર સભ્યોના ¾ બહુમતીથી લેવાશે. આ મતદાનમાં કેન્દ્ર સરકારનો હિસ્સો 1/3 અને રાજ્ય સરકારોન હિસ્સો 2/3 હોય છે.

# -: મહત્વના દિવસ :-

1 ડિસેમ્બર:- વિશ્વ એઈડ્સ દિવસ

- થીમ:- ‘Take the right path : my health, my right’
- AIDS:- ‘Acquired Immune Deficiency Syndrome’

2 ડિસેમ્બર:- રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિવસ (2 ડિસેમ્બર 1984માં થયેલી ભોપાલ ગેસ દુર્ઘટનાની યાદમાં)

2 ડિસેમ્બર :- વિશ્વ કોમ્પ્યુટર સાક્ષરતા દિવસ

3 ડિસેમ્બર :- વિશ્વ વિકલાંગ દિવસ

4 ડિસેમ્બર :- રાષ્ટ્રીય નૌસેના દિવસ

- 15 જાન્યુઆરી:- રાષ્ટ્રીય થલ સેના દિવસ
- 08 ઓક્ટોબર:- રાષ્ટ્રીય વાયુસેના દિવસ

9 ડિસેમ્બર :- આંતરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન

10 ડિસેમ્બર :- વિશ્વ માનવ અધિકાર દિવસ

- થીમ:- “Our Rithts, Our Future, Right Now”

16 ડિસેમ્બર :- વિજય દિવસ (વર્ષ 1971ના ભારત પાકિસ્તાન યુધ્ધમાં 16 ડિસેમ્બરના રોજ થયેલા ભારતના ઐતિહાસિક વિજયની યાદમાં આ દિવસની ઉજમણી કરવામાં આવે છે.)

21 ડિસેમ્બર :- રાષ્ટ્રીય ગણિત દિવસ

21 ડિસેમ્બર :- પ્રથમ વિશ્વ ધ્યાન દિવસ

- થીમ:- “Inner Peace, Global Harmony”

23 ડિસેમ્બર :- કિસાન દિવસ

24 ડિસેમ્બર :- રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ

25 ડિસેમ્બર :- સુશાસન દિવસ (Good Governance Day)

26 ડિસેમ્બર :- વીર બાળ દિવસ (આ દિવસ શ્રી ગુરુ ગોવિંદસિંહના ચાર પુત્રોને શ્રદ્ધાંજલી આપવા માટે ઉજવવામાં આવે છે.)

અમારો ઉદ્દેશ્ય છે કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ખૂબ જ ઓછા પેજમાં મહત્ત્વનું 'Current Affairs' પીરસવું. હવે પછીના મહિનાના આવા ટુંકા અને ટચ કરંટ અફેર્યસ માટે તેમજ સરકારી નોકરી સંબંધિત માહિતી જેવા કે લેટેસ્ટ ભરતી સંબંધિત માહિતી, જુના પેપર, કોલ લેટર, આન્સર કી, અભ્યાસક્રમ વગેરે માહિતી માટે જોડાયેલા રહો અમારી વેબસાઈટ www.tazzajob.com ની સાથે.

તો મિત્રો રાહ કોની જોઈ રહ્યા છો...!!! અત્યારે જ જોડાઓ અમારા ટૂંકું અને ટચ 'તાઝા જોબ કરંટ અફેર્યસ'ની ટેલીગ્રામ ચેનલમાં F "Join Now"